For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા લારીઓ પણ ઝપેટમાં,લોકોમાં ભય ફેલાયો

નવાયાર્ડમાં પાર્ક કરેલી સીએનજી ગાડીમાં ભીષણ આગ,બ્લાસ્ટથી પતરા ઉડયા

મહિલા સહિત બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત, ફાયરબ્રિગેડની ટીમે આગ પર કાબૂ મેળવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં આવેલી નવી રામવાડીમાં પાર્ક કરેલી એક સીએનજી ગાડીમાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ગાડીમાં બ્લાસ્ટ થયો હતો. જેના કારણે પતરા ઉડતા બે લોકોને ઈજા પહોંચી હતી. બનાવની જાણ થતા જ ઘટના સ્થળે લોક ટોળા એકત્ર થયા હતા.

નવાયાર્ડ નવી રામવાડીમાં સીએનજી ગાડીમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આ ગાડીમાં બ્લાસ્ટ થયો હતો. જેના કારણે



પતરા ઉડ્યા હતા. આ ઘટનામાં સ્થાનિકોના કહ્યા મુજબ એક મહિલા સહિત બે થી વધુ વ્યક્તિઓને શરીરના વિવિધ ભાગે ઈજા પહોંચી હતી, જેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા છાણી ટીપી 13 ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. જ્યારે આગના કારણે કેટલીક લારીઓ પણ ઝપેટમાં આવી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. મધરાત્રીએ 3:00 વાગ્યાની આસપાસ બનેલી આ ઘટનાને લઈને લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો. જ્યારે એસએજી હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોને લઈ જવામાં આવતા ત્યાં દર્દીઓને સારવાર કરનાર કોઈ તબીબ હાજર નહીં હોવાનું જાણવા મળ્યું હતું. જેના કારણે ઈજાગ્રસ્ત અને તેઓના પરિવારને હાલાકી વેઠવી પડી હતી. લોકોના આક્ષેપ મુજબ દોઢથી બે કલાક બાદ સવારે પાંચ વાગ્યાની આસપાસ ઈજાગ્રસ્તોની સારવાર કરવા આગળની કાર્યવાહી હાથ ધરાઈ હતી. બીજી તરફ પાર્ક કરેલી સીએનજી ગાડીમાં આગ કેવી રીતે લાગી કે લગાડવામાં આવી તે દિશામાં પણ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



સંજીવની હોસ્પિટલમાં શોર્ટ સર્કિટથી આગ, દર્દીઓનું રેસ્ક્યૂ

વડોદરાના ગેંડા સર્કલ પાસે આવેલી સંજીવની હોસ્પિટલના પહેલા માળે ઇલેક્ટ્રિક પેનલમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. જેના કારણે બિલ્ડિંગમાં ધુમાડો ફેલાયો હતો. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળે પહોંચી બીજા, ત્રીજા અને ચોથા માળે ફસાયેલા લોકોને બે ટીમ બનાવી સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

બે-બે મહિનાથી પગાર ન મળતા મુશ્કેલી, માત્ર 7 હજારના પગારમાં ગુજરાન અશક્ય

ન.પ્રા.શિક્ષણ સમિતિના હંગામી કર્મચારીઓની પગાર વધારો અને નિયમિત ચુકવણીની માંગ

પગાર વધારી 15 હજાર કરવા અને વેકેશનનો પગાર આપવા કર્મચારીઓની માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.4

દિવાળીના તહેવાર ટાણે વડોદરા શિક્ષણ સમિતિના ચોથા વર્ગના હંગામી કર્મચારીઓની ગંભીર આર્થિક સમસ્યા સામે આવી છે. માત્ર સાત હજાર રૂપિયાના માસિક પગારમાં ફરજ બજાવતા આ કર્મચારીઓ માટે એક તરફ મોંઘવારીનો માર અને બીજી તરફ પગારની અનિયમિતતા ભારે મુશ્કેલી ઊભી કરી રહી છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના હંગામી કર્મચારીઓના જણાવ્યા મુજબ, તેમને દર મહિને સમયસર પગાર મળતો નથી. ઘણીવાર દોઢથી બે મહિના સુધી પગાર વિલંબથી મળે છે. તહેવારની મોસમ હોવા છતાં હજુ સુધી અનેક હંગામી કર્મચારીઓને પગાર મળ્યો નથી. માત્ર 7 હજારના પગારમાં ઘરનું ગુજરાન ચલાવવું, ઘરનું ભાડું અને લાઈટ બિલ ભરવા તેમજ બાળકોની જરૂરિયાતો પૂરી કરવી અત્યંત અશક્ય બની ગઈ છે. મોંઘવારીના આ સમયમાં પગાર વધારીને ઓછામાં ઓછો 15 હજાર રૂપિયા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. કર્મચારીઓની ફરિયાદ છે કે, તેમને વેકેશનનો પગાર પણ મળતો નથી અને પૂરતી રજાઓ પણ આપવામાં આવતી નથી. શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત સ્નેહ મિલન સમારોહ દરમિયાન કર્મચારીઓએ એકત્ર થઈને પોતાની વેદના વ્યક્ત કરી હતી અને તંત્ર સમક્ષ નિયમિત તેમજ યોગ્ય પગાર વધારાની માંગ કરી હતી.

યુવકના કાનનો પડદો ફાટી જતા તેણે સાંભળવાની શક્તિ ગુમાવ્યાનો દાવો

યુવકને માર મારવાના ગુનામાં PI કિરીટ લાઠિયા સામે ગુનો નોંધવા કોર્ટનો હુકમ

પોલીસ કમિશનર સમક્ષ રજૂઆત છતાં FIR ન નોંધાતાં કોર્ટમાં ખાનગી ફરિયાદ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

કાયદાનું રક્ષણ કરવાની જવાબદારી ધરાવતા પોલીસ અધિકારી સામે જ પોલીસ અત્યાચારના આક્ષેપમાં કોર્ટ દ્વારા કાર્યવાહીનો આદેશ કરવામાં આવતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. ગોરવા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર કિરીટ લાઠિયા સામે બે ભાઈઓને પોલીસ સ્ટેશનમાં લઈ જઈ આખી રાત માર મારવાના આક્ષેપમાં વડોદરા JMFC કોર્ટે ફોજદારી કાર્યવાહીનો હુકમ કર્યો છે. આ મારપીટમાં એક યુવકના કાનનો પડદો ફાટી જતાં તેની સાંભળવાની ક્ષમતાને અસર થઈ હોવાનો ફરિયાદી પક્ષે દાવો કર્યો છે.

ફરિયાદી પક્ષના વકીલ દર્શન પટેલના જણાવ્યા મુજબ, 4 નવેમ્બર 2024ના રોજ મોઈન પઠાણ પોતાનું વાહન લઈને ઘરે જઈ રહ્યો હતો ત્યારે પાંચથી છ અજાણ્યા શખ્સોએ તેનો પીછો કરી ગાળાગાળી કરી હતી. આ અંગે મોઈને પોતાના મોટાભાઈ મહમ્મદ પઠાણને ફોન કરતાં તેમણે પોલીસને જાણ કરી હતી. જોકે, આશરે 15 મિનિટ સુધી પોલીસ સ્થળ પર નહીં પહોંચતાં ડીસીપી કોઠિયાને જાણ કરવામાં આવી હતી.

ત્યારબાદ ગોરવાના PI કિરીટ લાઠિયા ખાનગી વાહનમાં ત્યાં પહોંચ્યા હતા અને મોઈન તથા તેના મોટાભાઈને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. બંને ભાઈઓને આખી રાત પોલીસ સ્ટેશનમાં રાખીને માર મારવામાં આવ્યો હતો. એટલું જ નહીં, તેમની સામે ખોટી રીતે પ્રોહિબિશનનો ગુનો પણ નોંધવામાં આવ્યો હતો. આ દરમિયાન મોઈનખાન પઠાણના કાનનો પડદો ફાટી જતાં સાંભળવાની ક્ષમતા ગુમાવ્યાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

આ મામલે પીડિતોએ પોલીસ સમક્ષ રજૂઆત કરી હોવા છતાં ફરિયાદ નોંધવામાં નહીં આવતાં પોલીસ કમિશનર સમક્ષ પણ ન્યાયની માગ કરવામાં આવી હતી. તેમ છતાં કાર્યવાહી નહીં થતાં આખરે કોર્ટમાં ખાનગી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

મામલાની સુનાવણી બાદ 4 નવેમ્બરે વડોદરા JMFC કોર્ટે PI કિરીટ લાઠિયા સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ 115(2), 117(2) અને 352 હેઠળ પ્રોસેસ ઇશ્યૂ કરવાનો હુકમ કર્યો છે. આથી હવે તેમને કોર્ટમાં હાજર રહેવા સમન્સ પાઠવવાની કાર્યવાહી હાથ ધરાશે. પોલીસ સ્ટેશનમાં ન્યાયની આશાએ પહોંચેલા બે ભાઈઓ સાથે જ અત્યાચાર થયાના આક્ષેપ અને ત્યારબાદ પોલીસ તંત્રમાં રજૂઆત છતાં ન્યાય નહીં મળ્યાની ફરિયાદે સમગ્ર પ્રકરણને ગંભીર બનાવ્યું છે. હવે કોર્ટની આગામી કાર્યવાહી પર સૌની નજર મંડાઈ છે.

લગ્નની કંકોત્રીની APK ફાઇલ ખોલતા જ મોબાઇલ હેક

૫ મિનિટમાં ૧૯ OTPનો મારો અને ખાતામાંથી ૩.૪.૯૧ લાખ ગાયબ

સુશેન-તરસાલીના ૫૬ વર્ષીય મશીન ઓપરેટર ગઠિયાઓની જાળમાં ફસાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

સાયબર ઠગબાજો હવે લોકોને લૂંટવા માટે લગ્નની કંકોત્રીનો સહારો લઈ રહ્યા છે. વોટ્સએપ પર લગ્નના આમંત્રણના નામે મોકલવામાં આવતી APK ફાઇલ પર ક્લિક કરવું એક 56 વર્ષીય મશીન ઓપરેટરને ભારે પડ્યું હતું. સુશેન-તરસાલી રિંગ રોડ પર આવેલી વ્રજધામ સોસાયટીમાં રહેતા અને ભાયલીની બાંકો પ્રોડક્ટ્સ ઇન્ડિયા લિમિટેડમાં છેલ્લા 28 વર્ષથી નોકરી કરતા નિલેશભાઈ પટેલના બેંક ખાતામાંથી સાયબર ગઠિયાઓએ રૂ.4.91 લાખ ઉપાડી લીધા હતા. પરંતુ સાયબર ક્રાઇમ પોલીસ આ મોડેસ ઓપરેશનથી ઠગાઈ કરનાર આરોપીઓને પકડવામાં જાણે નિષ્ક્રિય સાબિત થઈ રહી છે.

સુશેન-તરસાલી રિંગ રોડ પર આવેલી વ્રજધામ સોસાયટીમાં રહેતા અને ભાયલીની બાંકો પ્રોડક્ટ્સ ઇન્ડિયા લિમિટેડમાં છેલ્લા 28 વર્ષથી નોકરી કરતા નિલેશભાઈ પટેલના વોટ્સએપ પર ગત 11 સપ્ટેમ્બરના રોજ 'Marriage Invitation.apk' નામની ફાઇલ આવી હતી. લગ્નની કંકોત્રી હોવાનું માની તેમણે ફાઇલ પર ક્લિક કર્યું હતું. જોકે, ફાઇલ ઓપન થઈ નહોતી. બાદમાં સોસાયટીના એક પરિચિતે આવી જ ફાઇલથી અન્ય વ્યક્તિનો મોબાઇલ હેક થયો હોવાનું જણાવતાં તેમણે સાવચેતીના ભાગરૂપે ફાઇલ ડિલીટ કરી દીધી હતી.

જોકે, ફાઇલ ડિલીટ કર્યા બાદ પણ સાયબર ગઠિયાઓની કરતૂત સામે આવી હતી. 18 સપ્ટેમ્બરની રાત્રે 9:03થી 9:08 દરમિયાન માત્ર પાંચ મિનિટમાં તેમના મોબાઇલ પર એક નહીં પરંતુ એકસાથે 19 OTP આવ્યા હતા. આ સમયે તેમણે કોઈ ઓનલાઇન નાણાકીય વ્યવહાર કર્યો નહોતો. ત્યારબાદ રાત્રે 9:45થી 9:56 દરમિયાન અજાણ્યા નંબર પરથી આઠ વખત ફોન આવ્યો હતો. ફોન રિસીવ કરતાં સામેથી અજાણી વ્યક્તિએ મદ્રાસી જેવી ભાષામાં વાત કરી હતી. આ કોલ બાદ જ HDFC બેંક ખાતામાંથી નાણાં કપાવાના મેસેજ આવવા લાગ્યા હતા.

સાયબર ઠગોએ પાંચ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.4.91 લાખ ઉપાડી લીધા હતા. ઘટનાની જાણ થતાં નિલેશભાઈએ તાત્કાલિક બેંકના ઓનલાઇન વ્યવહારો બંધ કરાવ્યા હતા અને સાયબર ક્રાઇમ હેલ્પલાઇન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે સાયબર ક્રાઇમ પોલીસે ફરિયાદના આધારે APK ફાઇલ મોકલનાર, નાણાં મેળવનાર બેંક ખાતાધારકો સહિત સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલા શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

બાળકી પર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરનાર આરોપીને આજીવન કેદ

20 વર્ષના જયદીપસિંહ ઉર્ફે ચકુ ચૌહાણને કુદરતી જીવનના અંત સુધી જેલમાં રાખવાનો હુકમ

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મેવલી ગામમાં છ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરી ગંભીર ઈજાઓ પહોંચાડવાના કેસમાં સાવલીની વિશેષ પોકસો અદાલતે આરોપીને દોષિત ઠેરવી કુદરતી જીવનના અંત સુધી આજીવન કેદની સજા ફટકારી છે. સાથે જ પીડિત બાળકીના પુનર્વસન માટે રૂ.8 લાખનું વળતર ચૂકવવાની ભલામણ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મેવલી ગામમાં રહેતા 20 વર્ષીય જયદીપસિંહ ઉર્ફે ચકુ છત્રસિંહ ચૌહાણે 26 એપ્રિલ 2026ના રોજ સાંજે છ વર્ષની બાળકીની એકલતાનો લાભ લીધો હતો. બાળકીને વાતોમાં ભોળવી વિશ્વાસમાં લીધા બાદ ગામની દૂધ ડેરીના ધાબા ઉપર લઈ ગયો હતો. જ્યાં બાળકીનું મોઢું દબાવી તેની સાથે બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહીં, સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરી બાળકીના ગુદાદ્વારના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી તેમજ જમણી આંખ પાસે પણ ઈજા કરી હતી.

સાવલી પોલીસે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. સાવલી સ્થિત સ્પેશિયલ POCSO કોર્ટના ન્યાયાધીશની અદાલતમાં કેસની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે સરકારી વકીલ (APP) સી.જી. પટેલે ફરિયાદ પક્ષ તરફથી દલીલો અને રજૂઆતો કરી હતી. પુરાવા અને સાક્ષીઓને ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપી જયદીપસિંહને દોષિત ઠેરવ્યો હતો. ઉપરાંતસાવલી સ્થિત સ્પેશિયલ પોકસો કોર્ટના ન્યાયાધીશ દ્વારા પુરાવા અને સાક્ષીઓના આધારે આરોપીને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. કોર્ટે પોકસો એક્ટની કલમ 4(2) અને 6 હેઠળ કુદરતી જીવનના અંત સુધી આજીવન કેદ તથા બંને કલમો હેઠળ રૂ.10-10 હજારનો દંડ ફટકાર્યો હતો. અન્ય કલમો હેઠળ પણ સજા ફટકારી તમામ સજા એકસાથે ભોગવવાનો આદેશ કર્યો હતો.

સુરસાગરમાં સંપૂર્ણ સુરક્ષા સાથે બોટિંગ શરૂ કરવા તૈયારીઓ

દેશ-વિદેશના પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓની લાગણીને ધ્યાને રાખી આધુનિક સુવિધાઓ સાથે આયોજન ઘડાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરના મધ્યમાં આવેલા ઐતિહાસિક સુરસાગર તળાવ ખાતે આગામી નવા વર્ષની શરૂઆતમાં ફરીથી બોટિંગની સુવિધા શરૂ કરવા માટે ગંભીરતાથી વિચારણા કરવામાં આવી રહી છે. અગાઉ તળાવમાં સર્જાયેલી એક દુર્ઘટનાને પગલે સુરક્ષાના ભાગરૂપે બોટિંગ સેવા બંધ કરવામાં આવી હતી, પરંતુ નાગરિકોની લાગણી અને માંગણીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ફરીથી આ સુવિધા ધમધમતી કરવા માટે સકારાત્મક અભિગમ દાખવવામાં આવી રહ્યો છે.

સુરસાગર તળાવની મધ્યમાં સ્થાપિત ભગવાન સર્વેશ્વર મહાદેવની ભવ્ય અને સુવર્ણજડિત પ્રતિમા વડોદરાની ઓળખ સમાન છે. શહેરમાં બહારથી આવતા પ્રવાસીઓ, વિદેશી મહેમાનો તેમજ સ્થાનિક નાગરિકોમાં આ પ્રતિમાના નજીકથી દર્શન કરવાની અને બોટિંગનો આનંદ માણવાની પ્રબળ ઇચ્છા રહેતી હોય છે. લોકોની આ ધાર્મિક અને સાંસ્કૃતિક લાગણીઓને માન આપીને તંત્ર દ્વારા આગામી સમયમાં સંપૂર્ણ સલામતી અને અત્યાધુનિક સેફ્ટી સુવિધાઓ સાથે બોટિંગ શરૂ કરવા અંગે વિચારણા શરૂ કરાઈ છે.ભૂતકાળમાં બનેલી અપ્રિય ઘટના બાદ તકેદારીના ભાગરૂપે બોટિંગ બંધ કરાયું હતું, પરંતુ હવે સમયની માંગ અને પૂરતી સુરક્ષા વ્યવસ્થાને પ્રાથમિકતા આપીને નવેસરથી આયોજન થઈ રહ્યું છે. આ ઉપરાંત, વડોદરાના અન્ય જળાશયો જેવા કે સોમા તળાવ અને કમલાનગર તળાવ સહિતના વિસ્તારોમાં પણ સાફ-સફાઈ અને યોગ્ય વ્યવસ્થાઓ ગોઠવીને નાગરિકો માટે મનોરંજન અને હરવા-ફરવા માટેના સ્થળો વિકસાવવાની લોકમાંગ ઉઠી છે.

દિવાળીની ખરીદીથી વડોદરાના બજારોમાં ચહલ-પહલ, વેપારીઓમાં ભારે ઉત્સાહ



દિવાળીના પર્વને આડે ગણતરીના દિવસો બાકી રહેતા વડોદરાના મંગળબજાર, રાવપુરા, ખંડેરાવ માર્કેટ સહિતના બજારોમાં ખરીદી માટે ભારે ભીડ ઉમટી રહી છે. કપડાં, દીવડા, રંગોળીના રંગો, ફૂલહાર, મીઠાઈ અને ગિફ્ટની દુકાનોમાં ઘૂમ ઘરાકી જોવા મળી રહી છે. ઘનતેરસને લઈ સોના-ચાંદી, વાહનો અને ઇલેક્ટ્રોનિક્સની ખરીદીનો પણ ઉત્સાહ છવાયો છે. બજારોની ઝગમગાટ સાથે દિવાળીની રોનક શહેરમાં છવાઈ છે. **(તસવીર : રણજીત સૂર્વે)**

વર્ચસ્વની લડાઈમાં કિન્નરો વચ્ચેનો વધુ વકરતો વિવાદ

વાડી પોલીસ સ્ટેશનમાં કિન્નરો પર હુમલો કરાયાના આક્ષેપ સાથે ભારે હોબાળો

ઝોયા અને વૈભાલી કિન્નર સામે હુમલાના આરોપ, પોલીસ સ્ટેશન બહાર કિન્નરોના ટોળા એકઠા થયા, કેટલાક હાથમાં ફિનાઇલની બોટલ લઈને પહોંચ્યાની ચર્ચા



(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા શહેરમાં કિન્નર સમાજના બે જૂથો વચ્ચે વર્ચસ્વ જમાવવાની લડાઈ ફરી ઉગ્ર બની છે. અગાઉ ચેલાવાડા નજીક થયેલી મારામારી અને નવાપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ બાદ આજે વાડી પોલીસ સ્ટેશનમાં બંને જૂથો સામસામે આવી જતાં ભારે હોબાળો મચ્યો હતો. વડોદરા શહેરમાં કિન્નર સમાજના બે જૂથો વચ્ચે લાંબા સમયથી વર્ચસ્વ જમાવવાને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદ અગાઉ પણ હિંસક સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે. તાજેતરમાં ચેલાવાડા નજીક બંને જૂથો વચ્ચે મારામારી થઈ હતી, જેમાં કિન્નરો પર હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ થયો હતો. આ મામલે જોયા કિન્નર દ્વારા સામા પક્ષના કિન્નરો વિરુદ્ધ નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. દરમિયાન આજે ગુરૂવાર ના રોજ બરાનપુરા વિસ્તારના કિન્નરો વાડી પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. તે સમયે ઝોયા કિન્નર અને વૈભાલી કિન્નર પણ ત્યાં આવી પહોંચતાં બંને જૂથો ફરી સામસામે આવી ગયા હતા. આ દરમિયાન ફરી વિવાદ વકર્યો હતો અને જોયા તથા વૈભાલી કિન્નર દ્વારા બરાનપુરાના કિન્નરો પર હુમલો કરવામાં આવ્યો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે બરાનપુરાના કિન્નરોએ વાડી પોલીસ સ્ટેશન બહાર એકઠા થઈ હોબાળો મચાવ્યો હતો. એટલું જ નહીં, કેટલાક કિન્નરો હાથમાં ફિનાઈલની બોટલો લઈને પણ પહોંચ્યા હોવાનું જાણવા મળ્યું છે. બે જૂથો વચ્ચેના જૂના વિવાદે ફરી ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પોલીસ માટે પણ સ્થિતિ સંભાળવાનો પડકાર ઊભો થયો છે. હવે આ મામલે વાડી પોલીસ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે અને બંને જૂથો સામે કાયદેસર પગલાં ભરાય છે કે કેમ તે જોવું રહ્યું.

કાલાઘોડા બ્રિજ પર નશામાં ધૂત થાર ચાલકનો આતંક, દિવાળીનું સ્ટ્રક્ચર તોડી પાડ્યું

બેફામ થાર પિલર સાથે અથડાતા સ્ટ્રક્ચર જમીનદોસ્ત,ખાલી બોટલ અને ગ્લાસ મળ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરામાં નશેડીઓનો આતંક સામે આવ્યો છે. કાલાઘોડા બ્રિજ પર નશામાં ધૂત થાર ચાલકે બેફામ રીતે વાહન ચલાવી અકસ્માત સર્જ્યો હતો. કાર પિલર સાથે અથડાતા સ્ટ્રક્ચર જમીનદોસ્ત થયું હતું. તપાસ કરતા થારમાંથી દારૂની બોટલ અને ગ્લાસ મળ્યા હતા.

ફરિયાદ મુજબ, આરોપી સમીર દેવેન્દ્રસિંહ રાજપૂત, રહે. સી-30, મોતીનગર સોસાયટી, તરસાલી, વડોદરા પોતાની થાર કાર લઈને રાતના આશરે 2.30 વાગ્યાની આસપાસ કાલાઘોડાથી પંચમુખી હનુમાન મંદિર તરફ જતા વિશ્વામિત્રી



નદીના બ્રિજ પર જઈ રહ્યો હતો. તે દરમિયાન તેણે જાહેર રોડ પર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી પોતાની તેમજ અન્યની જિંદગી જોખમાય તે રીતે વાહન ચલાવ્યું હતું. દિવાળીનો સમય હોવાથી વિશ્વામિત્રી બ્રિજ પર ડેકોરેશનનું કામ ચાલુ હતું. ત્યાં પડેલા પિલર સાથે થાર અથડાવી આરોપીએ અકસ્માત સર્જ્યો હતો. જોરદાર ટક્કરથી દિવાળી નિમિત્તે પાલિકા દ્વારા બનાવવામાં આવેલું સમગ્ર સ્ટ્રક્ચર જમીનદોસ્ત થઈ ગયું હતું. અકસ્માત બાદ થારની તપાસ કરતા તેમાંથી દારૂની બોટલ અને દારૂ પીવાના ખાલી ગ્લાસ મળી આવ્યા હતા. નશામાં ધૂત ચાલકે ભારે આતંક મચાવ્યો હતો. આ બનાવ અંગે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં તા.5 ના રોજ સવારે 4.10 વાગ્યે ગુનો નોંધાયો હતો. પોલીસે થાર ચાલક સમીર રાજપૂતની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથધરી હતી.

વસ્તી ગણતરીની કામગીરી કરનાર શિક્ષકોને વળતર અને પ્રાપ્ત રજા મળશે

જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો પરિપત્ર જાહેર,શૈક્ષિક મહાસંઘની રજૂઆતની અસર

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વસ્તી ગણતરી-2027 અંતર્ગત ગણતરીદાર, સુપરવાઇઝર અને ફિલ્ડ ટ્રેનર તરીકે કામગીરી કરનાર શિક્ષકો-કર્મચારીઓને વળતર રજા અને પ્રાપ્ત રજાનો લાભ મળશે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વડોદરા દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

પરિપત્ર મુજબ, જાહેર રજાઓ તથા વેકેશન સમયગાળા દરમિયાન કામગીરી કરનાર કર્મચારીને ગુજરાત મૂલ્કી સેવા (રજા) નિયમો-2002 અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અધિનિયમ મુજબ વળતર રજા તથા પ્રાપ્ત રજા મળવાપાત્ર થશે. શાળાના આચાર્યએ નિયમાનુસાર કાર્યવાહી કરી સેવાપોથીમાં નોંધ કરવાની રહેશે. શરતો મુજબ, કર્મચારીને મળેલ વળતર રજાનો લાભ તે જ કેલેન્ડર વર્ષમાં ભોગવવાનો રહેશે. ફરજ બજાવેલ કર્મચારીએ તમામ ઓર્ડર શાળા કક્ષાએ રેકર્ડમાં રાખવાના રહેશે. અનામતમાં રહેલા સુપરવાઇઝર તથા ગણતરીદારને ફક્ત લેખિત તાલીમની જ વળતર રજા મળશે. આ માટે વધુમાં વધુ 3 દિવસની તાલીમની વળતર રજા મળવાપાત્ર થશે. વેકેશન ગાળા માટે પ્રાપ્ત રજાનું સૂત્ર પણ પરિપત્રમાં આપવામાં આવ્યું છે. ચાલુ કેલેન્ડર વર્ષ દરમિયાન શાળા ચાલુ હોય અને તે દરમિયાન રવિવાર કે જાહેર રજા આવતી હોય તો તે રજાને વળતર રજા તરીકે આપવાની રહેશે. આ મામલે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - વડોદરાના પ્રાંત વરિષ્ઠ અધ્યક્ષ રાજેશભાઈ અમીન તથા વડોદરા સંઘના ધર્મેન્દ્રભાઈ જોષી સહિતના હોદ્દેદારોએ જિલ્લા શિક્ષણાધિકારી પાંડે સમક્ષ રજૂઆત કરી હતી. શિક્ષણ વિભાગનો જરૂરી પરિપત્ર બહાર પાડવા ભલામણ કરવામાં આવી હતી.

દિવાળી ડેકોરેશન નડ્યું કે ગેરકાયદે દબાણ?

ફતેગંજમાં મહાનગર પાલિકાએ મેડિકલ સ્ટોર સહિત પાંચ દુકાનો સીલ કરી

તહેવારોમાં જ તંત્રની કડક કામગીરીથી વેપારી આલમમાં ભારે રોષ, નોટિસ વિના સીલ મરાયા હોવાનો સ્થાનિકોનો આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરાના વ્યસ્ત ફતેગંજ વિસ્તારમાં આજે વહેલી સવારે મહાનગરપાલિકાની દબાણ શાખા દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. પાલિકાની ટીમે મુખ્ય માર્ગ પર આવેલી એક જાણીતી મેડિકલ સ્ટોર સહિત અંદાજે પાંચ દુકાનોને સીલ મારી દેતાં વેપારી આલમમાં ચકચાર મચી હતી.

દિવાળીના તહેવારને પગલે વેપારીઓ દ્વારા દુકાનોની બહાર લાઈટિંગ, ડેકોરેશન અને કામચલાઉ શેડ ઊભા કરવામાં આવતા હોય છે. પ્રાથમિક માહિતી મુજબ, કેટલીક દુકાનો દ્વારા રોડ અને ફૂટપાથ પર દબાણ થાય તે રીતે ડેકોરેશન અને બાંધકામ કરવામાં આવ્યું હોવાની ફરિયાદને પગલે મનપાની ટીમે આ કાર્યવાહી કરી હતી.

જોકે, દુકાનોને કયા ચોક્કસ નિયમભંગ કે કારણોસર સીલ કરવામાં આવી છે તે અંગે મનપાના અધિકારીઓ તરફથી સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી. જેના કારણે વેપારીઓમાં ગૂંચવાડો અને અસંતોષ જોવા મળ્યો હતો.

તહેવારના દિવસોમાં જ દુકાનો સીલ થતાં વેપારીઓને આર્થિક નુકસાનની ભીતિ સતાવી રહી છે. વેપારીઓના જણાવ્યા મુજબ, જો કોઈ નિયમભંગ થયો હોય તો કાર્યવાહી કરતાં પહેલાં નોટિસ આપવી જોઈતી હતી. મનપાની કાર્યવાહી અંગે સત્તાવાર કારણો જાહેર કરવાની માગ વેપારી આલમમાંથી ઊઠી છે.